## આણંદ કૃષિ યુનિવર્સિટી અને ફલોરિડા એગ્રીકલ્ચર એન્ડ મીકેનીકલ યુનિવર્સિટી (ફામુ) વચ્ચે શિક્ષણ અને સંશોધન માટે ફેકલ્ટી અને સ્ટુડન્ટ એકસચેન્જ માટેના એમ.ઓ.યુ.

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ભારતીય કૃષિ ઇજનેરોની સોસાયટીના બાવનમાં વાર્ષિક સંમેલન પ્રસંગે **તજજ્ઞતાઓના સમુચિત ઉપયોગ ધ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના** વિષય ઉપર **ત્રિદિવસીય** રાષ્ટ્રીય કાર્યશિબિરનો સમાપન સમારંભ તા. ૧૦ જાન્યુઆરી-૨૦૧૮ ને બુધવારના ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી મહાવિધાલયના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ. આ પ્રસંગે ફલોરીડા, યુ.એસ.એ.ની ફલોરિડા એગ્રીકલ્ચર એન્ડ મીકેનીકલ યુનિવર્સિટીના ફેકલ્ટીના ડાયરેકટર ડૉ. ઓ. એસ. એમ્બુયા મુખ્ય અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતાં. આણંદ કૃષિ યુનિવર્સિટી અને ફલોરિડા એગ્રીકલ્ચર એન્ડ મીકેનીકલ યુનિવર્સિટી વચ્ચે આજે કેપેસીટી બિલ્ડીંગ અંતર્ગત શિક્ષણ અને સંશોધન માટે ફેકલ્ટી અને સ્ટુડન્ટ એકસચેન્જ માટેના એમ.ઓ.યુ. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી.પટેલ અને ફલોરીડા યુ.એસ.એ.ની ફલોરિડા એગ્રીકલ્ચર એન્ડ મીકેનીકલ યુનિવર્સિટીના ફેકલ્ટીના ડાયરેકટર ડૉ. ઓ. એસ. એમ્બુયા વચ્ચે કરવામાં આવતાં આ કરારની બંને મહાનુભાવોએ આપ-લે કરી હતી.

ફલોરીડા, યુ.એસ.એ.ની ફલોરિડા એગ્રીકલ્ચર એન્ડ મીકેનીકલ યુનિવર્સિટી અને આણંદ કૃષિ યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. થતાં કૃષિ ક્ષેત્રે બન્ને દેશો દ્વારા થઇ રહેલ સંશોધનોનો મહત્તમ લાભ કૃષિકારોને મળશે, જેનાથી ખેત પેદાશોની ગુણવત્તામાં અને ઉત્પાદકતામાં પરિવર્તન આવવાની સાથે ખેડૂતોની આવક બમણી કરવામાં વેગ મળશે તેવો વિશ્વાસ આ તબકકે વ્યકત કરવામાં આવ્યો હતો.

ફલોરીડા, યુ.એસ.એ.ની ફલોરિડા એગ્રીકલ્ચર એન્ડ મીકેનીકલ યુનિવર્સિટી અને આણંદ કૃષિ યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. થતાં આણંદ કૃષિ યુનિવર્સિટીએ આણંદ શહેર, જિલ્લાને અને રાજયને ગૌરવ બક્ષ્યું છે તેટલું જ નહીં પણ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને એકબીજા દેશ સાથે જોડવાની એક અમૂલ્ય તક પણ પૂરી પાડી છે.






Annual Convention
of Agricultural En
onal Symposi
cal Intervention


Indian Society of Agricultural E
National Symposi
Doubling Farmers' Income through Tec




NABARD

